ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લામાં ૧૭૯ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૩૬૧૪ ઉમેદવારો

**સૌથી વધુ દહેગામમાં આ પછી ગાંધીનગરમાં ઉમેદવારો નોંધાયા, છેલ્લા દિવસે ૧૦૪૭ ફોર્મ ભરાયા : સરપંચ પદ માટે ૮૩૬ અને સભ્યપદ માટે ૨૬૧૪ ઉમેદવારો મેદાનમાં**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં આગામી ૧૯મી ડિસેમ્બરે ૧૭૯ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં આજ સુધીમાં ૩૪૫૦ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

આજે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે ચૂંટણી અધિકારીઓની કચેરીઓમાં ભારે ધસારો રહ્યો હતો. આજે છેલ્લે દિવસે ૧૦૪૭ ફોર્મ ઉમેદવારો દ્વારા ભરવામાં આવ્યા હતા. જેમાં સરપંચ પદ માટે ૨૧૭ અને સભ્યપદ માટે ૮૩૫ ફોર્મ ભરાયા હતા.

જિલ્લામાં પંચાયતની ચૂંટણીઓમાં સૌથી વધુ ફોર્મ દહેગામ તાલુકામાં આ પછી ગાંધીનગરમાં અને માણસા-કલોલમાં ભરાયા છે.

જિલ્લામાં સરપંચપદ માટે ૮૩૬ ઉમેદવારોએ મેદાનમાં ઝંપલાવ્યુ છે. જ્યારે સભ્યપદની ૧૬૦૬ બેઠકો માટે ૨૬૧૪ ઉમેદવારોએ જંગમાં ઝુકાવ્યુ છે.

ગાંધીનગર તાલુકામાં સરપંચ પદ માટે ૨૯૬ અને સભ્યપદ માટે ૯૦૭, દહેગામમાં સરપંચ પદ માટે ૩૫૫ અને સભ્યપદ માટે ૧૧૨૫, માણસામાં સરપંચ પદ માટે ૧૩૧ તેમજ સભ્યપદ માટે ૩૬૫ જ્યારે કલોલમાં સરપંચ પદ માટે ૫૪ અને સભ્યપદ માટે ૨૧૭ ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્રો ભર્યા છે.

જિલ્લામાં ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ ઉમેદવારીપત્રોની ચકાસણી થશે અને ૭મીએ ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. આ દિવસે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે. આ પછી ૧૦ દિવસ જાહેર પ્રચાર માટે ઉમેદવારોને મળશે.

ગ્રામ્ય વિસ્તારમાં ચૂંટણીજવર વ્યાપી ચુક્યો છે અને ઉમેદવારોએ તેમની પ્રચાર બેઠકોનો સિલસિલો પણ આરંભી દીધો છે. મિત્રમંડળની રાજનીતિના આધારે આ જંગ વધુ રોચક અને રોમાંચભર્યો બનશે.

જિલ્લામાં પંચાયતો કેટલી સમરસ થાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે. આ માટે ઉમેદવારોને મનાવવાની અને વિકાસ માટે સૌ એક થઈએ તે વાત સાથે ઘણા બધા પ્રયાસો હાથ ધરાયા હોવાનું જાણવા મળેલ છે.

# રાજ્યમાં ઓમિક્રોનની એન્ટ્રીથી સરકાર એક્શન મોડ પર

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉચ્ચસ્તરીય બેઠક યોજી નવા વેરિએન્ટ સામે રાજ્ય સરકારની સજ્જતાની ઉચ્ચસ્તરીય બેઠકમાં સમીક્ષા કરી**



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના જામનગરમાં કોરોનાના નવા વેરિએન્ટ ઓમીક્રોનનો પ્રથમ કેસ મળી આવવાના સંદર્ભે રાજ્યના વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગની તાકીદની ઉચ્ચસ્તરીય બેઠક યોજીને તંત્રની સજ્જતાની સમીક્ષા કરી હતી.

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી આ બેઠકમાં વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ કોરોનાના આ નવા વેરિએન્ટ 'ઓમિક્રોનહ્મના સંદર્ભમાં ભારત સરકારે જારી કરેલી માર્ગદર્શિકા-ગાઈડ લાઈન્સનો રાજ્યમાં કોઈ જ બાંધછોડ વિના ચુસ્તપણે અમલ કરવા સ્પષ્ટ સૂચનાઓ આ બેઠકમાં આપી હતી.

તેમણે રાજ્યમાં થ્રી ટી-એટલે કે ટ્રેસિંગ, ટેસ્ટીંગ અને પોઝિટીવ કેસોમાં ટ્રીટમેન્ટની વ્યૂહરચના સઘનપણે અપનાવવા આરોગ્યતંત્રને માર્ગદર્શન સાથે સૂચનાઓ આપી હતી.

શ્રી ભૂપેન્દ્ર પટેલે સૌ નાગરિકોને પણ આ નવા વેરિએન્ટ સામે સાવચેતી, સલામતિ અને સતર્કતા માટે સોશિયલ ડિસ્ટન્સ, માસ્કનો ઉપયોગ અને સેનેટાઈઝરના ઉપયોગ માટે અપિલ કરી છે.

આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, પોલીસ મહાનિદેશક શ્રી આશિષ ભાટિયા, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી અને અન્ય વરિષ્ઠ સચિવો જોડાયા હતા.

આરોગ્ય અધિક મુખ્ય સચિવશ્રીએ આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીને વધુ વિગતે માહિતગાર કરતાં જણાવ્યું કે, વિશ્વમાં કોવિડ-૧૯ ના અલગ પ્રકારના નવા વેરિએન્ટ 'ઓમિક્રોનહ્મને પગલે ભારત સરકારની સૂચના મુજબ તમામ એરપોર્ટ પર સ્ક્રીનીંગ અને ટેસ્ટિંગની કામગીરી સઘન બનાવાઈ છે.

તેમણે ઉમેર્યુ કે, ૧૧ હાઈ રિસ્ક દેશોમાંથી આવતા તેમજ યુરોપના તમામ દેશો જે એટ રિસ્ક છે અને બાકીના દેશો નોટ એટ રિસ્ક છે તે દેશોમાંથી આવતા તમામ યાત્રી-મુસાફરોનું ટેસ્ટીંગ કરવામાં આવે છે.

## મનપાને અત્યાર સુધીમાં ૩૫૦ ફરિયાદો ફોન પર મળી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ફોનથી ફરિયાદ નિવારણના અપનાવવામાં આવેલ અભિગમમાં ત્રણ જ દિવસમાં ૩૫૦થી વધુ ફરિયાદો મળી છે.

તંત્રના સૂત્રોએ દાવો કર્યો છે કે મળેલ ફરિયાદોમાંથી ૨૨૦ થી વધુ ફરિયાદોનો નિકાલ થઈ ગયો છે. પ્રથમ દિવસે ૩૮ ફરિયાદો મળી હતી જેમાંથી ૨૧નો નિકાલ થયો હતો. બીજા દિવસે ૨૩૪ ફરિયાદો મળી હતી જેમાંથી ૧૬૭નો નિકાલ થયો હતો.

આજે ત્રીજે દિવસે ૮૭ ફરિયાદો મળી હતી જેમાંથી ૩૧ ફરિયાદોનો નિકાલ થયો છે.

**બીજા દિવસે ૨૩૪ ફરિયાદો મળી હતી જેમાંથી ૧૬૭નો જ્યારે ત્રીજે દિવસે ૮૭ ફરિયાદો મળી હતી જેમાંથી ૩૧ ફરિયાદોનો નિકાલ થયો હતો**

આજે મળેલ ફરિયાદોમાં ગટરને લગતી ૧૫, સેનીટેશનને લગતી ૧૮, સ્ટ્રીટલાઈટને લગતી ૭, પાણીને લગતી ૮, રોડને લગતી ૭ ફરિયાદો, ગુમાસ્તાધારા અંગે ૧, ટેક્ષ અંગે ૧, ટેન્ડર અંગે ૧, આરોગ્યની ૩, દબાણની ૨ અને બાગાયતની ૬ ફરિયાદો મળી હતી.

તંત્ર આ અભિગમ સાથે વધુ પ્રજાભિમુખ બન્યુ હોવાનો દાવો ભાજપના સત્તાધીશો કરી રહ્યા છે. જો કે પાણી, ગટર, સ્ટ્રીટલાઈટની ફરિયાદો વધુ છે અને તે સંબંધિત વિભાગોને મોકલી આપવામાં આવી છે. આ વિભાગો પાસેથી નિકાલ કેટલા સમયમાં કરાયો તેનુ મોનીટરીંગ પણ હવે પછી કરવામાં આવશે.

# ખુશખબર : ટાઉનહોલ જુલાઈમાં તૈયાર થઈ જશે

**ગાંધીનગરનો ટાઉનહોલ છેલ્લા બે વર્ષથી બંધ : રીનોવેશનની કામગીરી અન્વયે હાલ ડિસમેન્ટલિંગ ચાલુ : સ્ટ્રકચરનુ ઓડીટ કરાશે : નવો ટાઉનહોલ ગ્રીન રૂમ, લીફ્ટ, અદ્યતન સાઉન્ડસ સિસ્ટમ, આરામદાયક બેઠક વ્યવસ્થા સહીતની સુવિધાથી સજ્જ હશે**

ગાંધીનગર તા ૪

ગાંધીનગર ટાઉનહોલના રીનોવેશનનુ કામ પુર જોશમાં ચાલી રહ્યુ છે. હાલ ટાઉનહોલના ડિસેમેન્ટલિંગની કામગીરી ચાલી રહી છે. જેમાં બેઠક વ્યવસ્થા , વાયરીંગ એ સી પ્લાન્ટ તેમજ સાઉન્ડ પ્રુફ દિવાલો દુર કરીને સ્ટ્રકચર સહીત જુનો કાટમાળ દુર કરવાની કામગીરી ચાલી રહી છે. ત્યારબાદ હોલના સ્ટ્રકચરનુ આર્કિટેકટ પાસે ઓડિટ કરવામાં આવશે. ગાંધીનગરની કલા સંસ્થાઓ તેમજ કલાકારો ટાઉનહોલના રીનોવેશનની લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા જયારે હવે આગામી જુલાઈ મહીના સુધીમાં ટાઉનહોલ તૈયાર થઈ જશે. ટાઉનહોલના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૧૭ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

ગાંધીનગરના ટાઉનહોલનુ લાંબા સમયના અંતે રીનોવેશન હાથ ધરાયુ છે. ટાઉનહોલના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૧૭ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જયારે હાલ હોલના રીનોવેશનની કામગીરી અન્વયે પ્રાથમિક તબક્કે ડિસ્મેન્ટલિંગની કામગીરી ચાલી રહી છે. જેમાં હોલની બેઠક વ્યવસ્થા, એ સી પ્લાન્ટ વાયરીંગ , કાર્પેટ , સ્ટેજ તેમજ સાઉન્ડ પ્રુફ દિવાલો દુર કરવામાં આવી રહી છે જેના અંતે હોલનુ સ્ટ્રકચર યથાવત રહેશે જયારે વર્ષો જુના ટાઉનહોલને મરણપથારીએથી બેઠો કરી સોહામણો અને સુવિધાસભર બનાવવા માટે ડિસ્મેન્ટલિંગની કામગીરી બાદ હોલના સ્ટ્રકચરનુ પણ આર્કીટેક્ટ કક્ષાએથી ઓડીટ કરાશે. ટાઉનહોલમાં એ સી પ્લાન્ટ , ઈલેકટ્રીફિકેશન, સ્ટેજ તેમજ કલાકારો માટે બે ગ્રીન રૂમ , લીફ્ટ લેન્ડ સ્કેપીંગ , ગાર્ડન તેમજ નવી સાઉન્ડ સિસ્મટ , કર્ટેઈન સ્ટેજ લાઈટીંગ સહીત આરામદાયક બેઠક વ્યવસ્થા માટે નવી યોજના તૈયાર કરી દેવામાં આવી છે જે મુજબ હોલને વધુ સુવિધાયુક્ત

● અનુસંધાન પાન-૭ પર

## ઓમિક્રોન વેરિએન્ટને પગલે જિલ્લાતંત્રની સમીક્ષા બેઠક

ગાંધીનગર, તા. ૪

ઓમિક્રોન વેરિએન્ટે ગુજરાતમાં દેખા દેતાં જ જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આજે જિલ્લા આરોગ્યતંત્રની સમીક્ષા બેઠક યોજી અને સતર્ક રહેવા તંત્રને તાકીદ કરી હતી.

જિલ્લા કલેક્ટરે આજે બોલાવેલી બેઠકમાં વિદેશથી આવેલા પેસેન્જરો પર ચાંપતી નજર રાખવા જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે સાત દેશ જ્યાં આ વેરિએન્ટ વધુ છે તેવા દેશમાંથી આવેલા ૧૬ પેસેન્જરો છે. આ પૈકી ૧૪ પ્રવાસીઓ જિલ્લામાં છે જ્યારે બે પ્રવાસી જિલ્લા બહાર ગયાનું જાણવા મળેલ છે. જો કે તંત્ર તેમની સાથે સંપર્કમાં હોવાનું જાણવા મળેલ છે.

**આશ્કા હોસ્પિટલને ઓમિક્રોન વેરિએન્ટના દર્દીની સારવાર માટે માન્યતા અપાઈ**

જિલ્લામાં વિદેશથી ૧૬૪ પ્રવાસીઓ આવી ચુક્યા છે. જિલ્લા કલેક્ટરે આજે સમીક્ષા બેઠક માટે ઓમિક્રોન વેરિએન્ટના દર્દીની સારવાર માટે આશ્કા હોસ્પિટલને માન્યતા આપી હોવાનું જાણવા મળેલ છે. આ બેઠકમાં જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી, સિવિલ સુપ્રિટેન્ડન્ટ તેમજ તાલુકા આરોગ્ય અધિકારીઓ અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## માધવગઢ ખાતે નદીમાં બેરેજ બનાવવાની માંગનો સ્વીકાર અને આગળ વધવા તંત્રને સૂચના

**સાબરમતી નદી જીવંત કરવા રૂ. એક હજાર કરોડથી વધુના ખર્ચે ચોક્કસ અંતરે વિયર-બેરેજ બનાવાશે**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર તાલુકાના માધવગઢ પાસે બેરેજ બનાવવાની કાર્યવાહીને આગળ ધપાવવા માટે રાજ્ય સરકારે મંજૂરી આપી છે.

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી સાબરમતી નદીના કાયાકલ્પ માટે પાણીનો સંગ્રહ કરી ભૂગર્ભજળ સ્ત્રોત પુનઃ જીવીત થાય અને નદી જીવંત બને તે માટે નદીના ચોક્કસ અંતરના ગાળામાં બેરેજ/વિયર બનાવવાનો નિર્ણય સરકારે કર્યો છે.

માધવગઢ પાસે બેરેજ બનાવવા માટે ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે કરેલી રજુઆતનો સ્વીકાર કરી સરકારે આ યોજનામાં આગળ વધવા માટે સૂચનાઓ જારી કરી છે.

મળતી વિગતો પ્રમાણે સરકારે સાબરમતી નદીને પુનઃ જીવીત કરવા માટે સતલાસણ તાલુકાના છેલપુરા તથા વિજાપુર તાલુકાના જુના ટેચવા, ફુદેડા અને ફલુ ગામ પાસે ૪ સૂચિત બેરેજ વિયરની અંદાજિત રૂ. ૮૮૦ કરોડની કામગીરી હાથ ધરવા માટે તેમજ ગાંધીનગર તાલુકાના માધવગઢ પાસે બેરેજ બનાવવાની કાર્યવાહીને આગળ ધપાવવા માટે મંજૂરી આપવામાં આવી છે.

માધવગઢ પાસે રૂ. ૨૫૦ કરોડના ખર્ચે આ બેરેજ બનાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

માધવગઢ પાસે બેરેજ બનાવવાની વાતનો સરકારે સ્વીકાર કરતાં ધારાસભ્ય શંભુજી ઠાકોરે સરકારનો આભાર માન્યો છે અને જિલ્લામાં ભૂગર્ભ જળ આનાથી ઊંચે આવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.જિલ્લામાં આ વર્ષે ચોમાસુ નબળુ રહ્યુ છે. ૨૯ ટકા વરસાદની ઘટ છે અને ભૂગર્ભજળના સ્તર નીચે ગયા છે ત્યારે સરકારનો આ નિર્ણય આવકારદાયક છે તેમ ભાજપના આગેવાનો કહી રહ્યા છે.

# શહેરના ઘ-માર્ગની સુધારણાનુ કામ ૧૦ દિવસમાં પુર્ણ થઈ જશે

**નિયત સમયના અંતે ઘ માર્ગની સુધારણાનુ કામ શરૂ કરાયુ : ૬.૫ કીમી ના માર્ગની સુધારણાની સાથે માર્ગ પર થર્મોપ્લાસ્ટના પટ્ટા અને કેટ આઇ પણ લાગશે : નગરના અન્ય માર્ગોનુ પણ તબક્કાવાર કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી માર્ગ પેચવર્ક અલબત્ત ડામરના હળવા લેયર કામથી માર્ગોને ચકાચક બનાવવા આયોજન કરાયુ છે.



સુધારણાની કામગીરી હવે તેજ ગતિએ હાથ ધરવામાં આવી રહી છે. જેમાં નગરના તમામ માર્ગો પર જયારે શહેરના મુખ્ય ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. મુખ્ય માર્ગ પર ૬.૫ કીમી ના વિસ્તારમાં રીસરફેસીંગ કરાશે જયારે આ કામગીરી સરકારી પ્લાન્ટમાંથી હાથ ધરવામાં આવી છે. આગામી ૧૦ દિવસમાં કામ પુર્ણ કરી દેવાશે માર્ગ પર થર્મોપ્લાસ્ટના પટ્ટા તેમજ કેટ આઈ પણ લગાવાશે.

શહેરના ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ શરૂ કરી દેવાયુ છે. વાઈબ્રન્ટ સમિટ પુર્વે નગરના માર્ગો ચકાચક બનાવવા માટે તંત્રની ટીમ કામે લાગી છે. નગરના તમામ મુખ્યમાર્ગો પર પેચવર્ક હાથ ધરવામાં આવનાર છે. જેમાં ઉભા આડા માર્ગોનો સમાવેશ થાય છે. વરસાદી દિવસોના અંતે આમ પણ માર્ગોનુ ધોવાણ થયુ છે જેના લીધે ઉબડ ખાબડ બનેલા રસ્તાઓ પર પેચીસ જોવા મળે છે. જયારે વાઈબ્રન્ટ સમિટ નજીકમાં હોવાથી માર્ગ મકાન વિભાગ દ્વારા નગરના માર્ગોની સુધારણા તેમજ બ્યુટીફિકેશન માટે આયોજન કરાયુ છે. ડામરના હળવા લેયરથી માર્ગોની સપાટી લીસ્સી બનાવી

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરાઓને ઠંડીમાં રાહત : મહત્તમ તાપમાન આખરે ઉંચકાયુ ૨૮.૫ ડીગ્રી

**છેલ્લા બે ત્રણ દિવસથી મહત્તમ તાપમાન ૧૯ થી ૨૩ ડીગ્રી વચ્ચે રહેતા દિવસે પણ સુસવાટા મારતા બર્ફિલા પવનથી જનજીવન પ્રભાવિત થયુ હતુ : જો કે આગામી દિવસોમાં ઠંડી વધવાની સંભાવના**

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા વરસતા બર્ફિલા પવનના લીધે નગર ઠંડુગાર બની ગયુ હતુ. જયારે મહત્તમ તાપમાન પણ ૧૯ ડીગ્રી નજીક પહોંચી જતા નગરજનો દિવસે પણ કાતિલ ઠંડીનો ચમકારો અનુભવતા હતા જો કે હવે મહત્તમ તાપમાન ઉંચકાતા ઠંડીનુ જોર ઘટી ગયુ છે. આજે મહત્તમ તાપમાન ૨૮. ૫ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ ૧૬ ડીગ્રીએ આવી જતા નગરજનોએ બર્ફિલી ઠંડીમાં રાહત અનુભવી હતી.

ગાંધીનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી મોસમોનો નઝારો અલગ જોવા મળે છે. બે દિવસના વાદળિયા વાતાવરણના અંતે હવ દિવસે સુર્યપ્રકાશની હાજરી વચ્ચે ધીમે ધીમે મહત્તમ તાપમાન પણ ઉંચે આવ્યુ છે. આજે પણ મહત્તમ તાપમાન ૨.૫ ડીગ્રી વધ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન પણ ૧૪ ડીગ્રીથી ઉપર આવી ૧૬ ડીગ્રીએ પહોંચી જતા નગરજનોએ કાતિલ ઠંડીમાં રાહત અનુભવી હતી. વાદળિયા વાતાવરણ અને વરસાદી છાંટણા વચ્ચે સુસવાટા મારતા ઠંડા પવનના લીધે છેલ્લા ત્રણ દિવસથી નગરજનો દિવસે પણ આકરી ઠંડી અનુભવી રહ્યા હતા. બર્ફિલા પવનના લીધે ગાંધીનગર ઠંડુગાર બની ગયુ હતુ. જયારે ગઈકાલે વાતાવરણ પલ્ટાના અંતે ઠંડીનો પારો ૧૪ ડીગ્રી પહોંચી ગયો હતો જેના લીધે રાત્રિના સમયે પણ આકરી ઠંડી અનુભવતા નગરજનોએ ઘરમાં રહેવાનુ પસંદ કર્યુ હતુ. આમ તો છેલ્લા કેટલાક સમયથી ઠંડીનો પારો ૧૪ ડીગ્રીની પાર જોવા મળે છે ત્યારે આજે અચાનક જ ફરી પાછી ઠંડી ઘટી ગઈ હતી જયારે દિવસનુ તાપમાન પણ ગઈકાલની સાપેક્ષમાં બે ડીગ્રી વધી ૨૮. ૫ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. હજુ દિવસ દરમિયાન આકાશમાં વરસાદી વાદળોની અવરજવર જોવા મળે છે. પરંતુ વાતાવરણમાં ઉઘાડ નિકળવાની સાથે પવનનુ જોર ઘટી જતા નગરજનોએ બર્ફિલા પવનથી રાહત અનુભવી છે. જો કે આગામી દિવસામાં હજુ ઠંડીનો પારો ઉચકાશે જયારે મહીનાના અંત સુધીમાં ઠંડીનાો પારો સિગ્લ ડીઝીટમાં આવી જશે.

## રાજ્યમાં કોરોનાના ૪૫ નવા કેસ : ૩૬ દર્દી સાજા થયા

ગાંધીનગર, તા.૪

ગુજરાતમાં કોરોનાનો કહેર વધી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. રાજ્યમાં આજે કોરોનાના ૪૫ નવા કેસ સામે આવ્યા હતા. તો બીજી તરફ ૩૬ દર્દીઓ સાજા પણ થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૨૩૯ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ ૯૮.૭૪ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રાજ્ય સરકાર રસીકરણના મોરચે પણ મજબુતીથી લડી રહી છે. આજે કુલ ૪,૦૦,૨૭૩ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૩૨૬ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૬ નાગરિકો વેન્ટિલેટર પર છે. ૩૨૦ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૭,૨૩૯ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com